# સેક્ટર-૨૨માં જ-કક્ષાના રહેણાંક વચાળે કાટમાળનો ઢગ ખડકાતા સ્થાનિકો તોબા

**ખાનગી મકાનોના રીનોવેશનની કામગીરી દરમિયાન સરકારી રહેણાંકના કોમન ચોકમાં કાટમાળનો ઢગ : ગટર લાઇન પણ કાટમાળ નીચે ગરકાવ : વરસાદી પાણીનો પણ નિકાલ થતો નથી**



ગાંધીનગર તા ૨૬

સે-૨૨ માં ખાનગી મકાનોના રીનોવેશન અન્વયે સેકટરના સરકારી રહેણાંક વિસ્તારમાં કાટમાળ ખડકી દેવાતા સ્થાનિકો માટે નવી સમસ્યા ઉભી થઇ છે. સેકટરના જ કક્ષાના આવાસો નજીક કોમન ચોકમાં કાટમાળ ઠાલવી દેવાતા વરસાદી પાણીનો પણ નિકાલ થતો નથી જયારે ગટર લાઇન પણ ઠલવાયેલા કાટમાળમાં ગરકાવ થઇ ગઇ હોવાની ફરિયાદ સ્થાનિકો કરી રહ્યા છે. આ સમસ્યાનો ત્વરિત નિકાલ આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

શહેરમાં વર્ષો જુના કંગાળ અને જર્જરિત આવાસોને તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે જુના અને જોખમી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. હાલ શહેરના સેકટરોમાં નવા કોર્પોરેટ લુક ધરાવતા આવાસોના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ સેકટરોમાં કેટલાક બ્લોકના રીનોવેશનનુ કામ પણ સમયાંતરે હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો સિવાય અન્ય મજબુતીકરણ હેઠળ લઇ શકાય તેવા બ્લોકના રીનોવેશન માટે પણ તબક્કારવા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ સે-૨૨ માં હાલ સમસ્યા અલગ છે. સેકટર -૨૨ માં ખાનગી મકાનોના રીનોવેશનનો કાટમાળ જ કક્ષાના મકાનોના કોમન પ્લોટમાં ઠાલવવામાં આવ્યો છે. જેના લીધે વરસાદી પાણીનો પણ નિકાલ થતો નથી. ગંદકી વચ્ચે સ્થાનિકો અનેક સમસ્યાનો સામાનો કરી રહ્યા છે. રીનોવેશન તેમજ મકાનો તોડવાના કામ અન્વયે કાટમાળનો સરકારી રહેણાંકના કોમન પ્લોટમાં ઢગ કરવામાં આવે છે. જેના લીધે સ્થાનિક રહીશો માટે અનેક સમસ્યા ઉભી થાય છે. સે-૨૨ ના જ કક્ષાના આવાસો નજીક કાટમાળનો ઢગ જોવા મળી રહ્યો છે. કોમન પ્લોટમાં આવાસોનો કાટમાળ ખડકી દેવાતા વરસાદના સંજોગોમાં રહીશોના ઘરમાં પાણી ઘુસી જતુ હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. જયારે આ કાટમાળના લીધે ગટર લાઈન પણ પુરાઈ ગઈ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. થોડા દિવસો અગાઉ વાવાઝોડા અને વરસાદ દરમિયાન આવી જ સ્થિતિ થઈ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

સેકટરોમાં આમ પણ વરસાદી વાવાઝોડાના અંતે અનેક સમસ્યાઓ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. જયારે વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે સફાઈના અભાવે પણ ગંદકીના ઢગ ખડકાયા છે. આવા સંજોગોમાં સરકારી આવાસોમાં રહેતા રહીશોની ફરિયાદોનો પણ નિકાલ થતો નથી. જયારે ખાનગી મકાનો તોડીને તેનો કાટમાળ સરકારી રહેણાંક વચાળે ખડકાતા નવી સમસ્યા ઉભી થઈ છે. સ્થાનિકો આ મામલે ત્વરિત પગલા લઈ કાટમાળ દુર કરવા માટે યોગ્ય આયોજન કરે તેવી માંગણી કરી રહ્યા છે.

# જિલ્લામાં કોરોના સ્થિર : નવા ૫૯ કેસ

**ગ્રામ્યમાં ૨૬ અને ગાંધીનગર શહેરમાં ૩૩ કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૫, દહેગામમાં ૧૩, કલોલમાં ૬ અને માણસામાં ૨ કેસ : શહેરમાં વાવોલમાં ૪, કુડાસણ, સરગાસણ, સે. ૭, ૨૨ માં ૩-૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં આજે નજીવો ઉછાળો જોવા મળ્યો છે. જિલ્લામાં આજે કોરોનાના નવા ૫૯ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૬ અને શહેરમાંથી ૩૩ નવા કેસ મળી આવેલ છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં નજીવો ઉછાળો દેખાતાં તંત્ર સતર્ક બન્યુ છે અને તમામ તબીબોને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટેની સૂચના આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૨૬ કેસમાં દહેગામમાં ૧૩, ગાંધીનગરમાં ૫, કલોલમાં ૬ અને માણસામાં ૨ કેસ નોંધાયા છે. જિલ્લામાં સૌથી વધુ કેસ દહેગામમાં નોંધાયા છે. અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા દર્દી, ૯ ખેડૂત, ૩ વિદ્યાર્થીનો પણ સમાવેશ થાય છે. એક કર્મયોગી પણ સંક્રમિતોની યાદીમાં છે.

દહેગામમાં નોંધાયેલા ૧૩ કેસ છે. જેમાં દનાજીની મુવાડી ખાતેથી ૩ કેસ, પાલુન્દ્રા અને રખિયાલમાંથી ૨-૨ કેસ તેમજ દહેગામ અર્બન, મોતીપુરા, શિયાવાડા, હાથીજણ, ધારીસણા, લાહેબજીના મુવાડા ગામેથી કેસો મળી આવેલ છે. ગાંધીનગર તાલુકાના ગિયોડ, પ્રાંતિયા, નવા પાલજ, ઉનાવા, સોનરડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ૬ કેસ નોંધાયા છે. આ કેસો તાલુકાના ગ્રામ્ય વિસ્તાર કાંઠામાંથી બે કેસ ઉપરાંત બોરીસણા, છત્રાલ, પાનસર, સઈજ ગામેથી કેસ મળેલ છે. માણસા તાલુકામાંથી આજે માત્ર બે કેસ મળી આવેલ છે. વાગોસણા અને દેલવાડા ગામેથી આ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૫૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૯૧૦૨ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૪૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૬૬૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આવા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી, સોશ્યલ ડિસ્ટન્સીંગ, માસ્ક ફરજીયાતના નિયમની અમલવારી પર પણ ધ્યાન કેન્દ્રીત કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં પણ સંક્રમણ ઘટ્યુ છે. આજે વધુ ૩૩ કેસ નોંધાયા છે. જેમાં ૧૯ કેસ શહેરના સેક્ટરોમાં અને ૧૪ કેસ ગ્રામ્ય તથા અન્ય વિસ્તારોમાંથી મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૪ મહિલા દર્દી અને ૫ દર્દી ૬૦ થી વધુ વયના મળી આવેલ છે.

શહેરમાં આજે સે. ૭ અને ૨૨ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૨, ૫, ૧૨, ૧૪, ૨૬ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨૭, ૪ અને ૨૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં આજે વાવોલમાંથી ૪, કુડાસણ, સરગાસણમાંથી ૩-૩, રાંદેસણ, ઝુંડાલમાંથી ૨-૨ કેસ નોંધાયા છે.

જિલ્લામાં રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો થયો છે. જિલ્લામાં આજે ૧૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૭૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## કોલવડા કોવીડ કેર સેન્ટર બંધ કરાયું

ગાંધીનગર, તા. ૨૬

રાજયના પાટનગરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો હતો. કોરોનાના કેસ સતત ચિંતાજનક રીતે વધતા તંત્ર પણ ચિંતિત નજરે પડતુ હતું. છેલ્લા બે માસથી વધુ સમયની કોરોનાની બીજી લ્હેરમાં અનેક દર્દીઓએ જીવ ખોયો છે. તો બીજીતરફ સરકારી અને ખાનગી હોસ્પિટલ પણ દર્દીઓથી ઉભરાતી હતી. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં જગ્યા ન હોવાથી કોલવડા કોવીડ સેન્ટર ઉભુ કરવામાં આવ્યું હતું. જયાં ઓકિસજન અને સ્ટેબલ દર્દીઓને સારવાર આપવામાં આવતી હતી. ત્યારે કોલવડા કોવીડ સેન્ટર પણ અંદાજીત ૪૦ દિવસથી ધમધમતુ હતું.પરંતુ હાલ કોરોનાના કેસમાં ઘટાડો થતા ગાંધીનગર સિવિલમાં જ ગણતરીના દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે કોવીડ કેર સેન્ટરમાં ખાસ કોઈ દર્દી ન હોવાથી તંત્ર દ્વારા તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે દર્દીઓની સારવાર પૂર્ણ થઈ હોય તે દર્દીઓને રજા આપવામાં આવી છે. ત્યારે કોલવડા કોવીડ કેર સેન્ટર બંધ થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

## વેકિસન મુદ્દે ઓનલાઈન છેતરપિંડથી સાવચેત રહેવા પોલીસની અપીલ

ગાંધીનગર,તા.૨૬

હાલના સમયે કોરોનાની વેકિસન માટે રાજયમાં ૧૮ થી ૪૪ વર્ષના નાગરીકો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલી રહ્યું છે. તે વિના વેકિસન મળવી નાગરીકો માટે મુસિબત સમાન છે. પહેલા વેકિસનથી દુર રહેતા નાગરીકો હાલ વેકિસન લેવા માટે દોડધામ કરી રહ્યા છે.ત્યારે આ તકનો લાભ લેવા માટે કેટલીક ઠગ ટોળકી સક્રિય થઈ છે. આ ઠગ ટોળકી અમો તાત્કાલીક વેકિસન આપશું, કોઈપણ કંપનીની વેકિસન મળશે તેવો ફોન કરીને ઓનલાઈન છેતરપિંડી કરે છે. જેને અનુલક્ષી નાગરીકોને સાવચેતી રાખવા માટે પોલીસ અપીલ કરી રહી છે. ગાંધીનગર રેન્જ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા નાગરીકોને આવી ઠગ ટોળકીના સભ્યોથી સાવચેત રહેવા માટે મેસેજ મુકાયો છે. જેમાં આ પ્રકારના દાવા કરનારાઓથી બચવા અને વેકિસન માટે કોઈ પણ વ્યકિતને ફોન દ્વારા માહિતી આપશો નહી, વેકિસન માટે કોઈપણ વ્યકિત ઓટીપી નંબર માંગે તો આપશો નહી. મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાં આ પ્રકારનો કોઈ જ કેસ જોવા મળ્યો નથી, પરંતુ રાજયમાં આ પ્રકારના પ્રયત્નો થતા હોવાનું ધ્યાને આવતા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા નાગરીકોને સચેત રહેવા જણાવ્યું છે.

## સેક્ટર-૨માં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા

**શહેરના ૮ વિસ્તારમાં બસ્સોથી વધુ કેસ નોંધાયા : ૧૦ વિસ્તારોમાં દસ કે તેથી ઓછા કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં ૨૨ મે સુધીમાં સૌથી વધુ કેસ સે. ૨ માં નોંધાયા છે. જ્યારે સે. ૧૦ માં શૂન્ય કેસ, નભોઈમાં ૧ કેસ, વાસણા હડમતિયા, બાસણ, ગોકુલપુરા અને અડાલજના કેટલાક વિસ્તારમાં ૩-૩ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માં ૫૭૬ કેસ કોરોનાના નોંધાયા હતા. આ પછી સે. ૩ માં ૪૪૬, સે. ૭ માં ૪૧૬ કેસ, સે. ૫ માં ૩૮૫ કેસ, સે. ૨૭ માં ૩૬૦ કેસ, સે. ૨૬ માં ૩૫૬ કેસ, સે. ૨૨ માં ૩૨૭ કેસ, સે. ૨૪ માં ૩૨૬ કેસ, કુડાસણમાં ૩૪૯ કેસ, સરગાસણમાં ૩૫૦ કેસ, સે. ૪ માં ૩૫૯ કેસ નોંધાયા હતા.

બસ્સોથી વધુ કેસ સે. ૨૮, સે. ૨૯, જીઈબી, સે. ૨૧, સે. ૩૦, સે. ૨૩, સે. ૮, વાવોલમાં નોંધાયા છે. શહેરના દસ વિસ્તારોમાં ૧૦ થી ઓછા કેસ નોંધાયા હતા. જ્યારે ૬ વિસ્તારોમાં ૧૦ થી વધુ પણ ૪૦ થી ઓછા કેસ નોંધાયા હતા.

શહેરમાં કોરોનાનું સંક્રમણ હવે નિયંત્રણમાં આવી ગયુ છે. શહેરમાં આ તારીખ સુધીમાં ૯૦૧૭ કેસ કોરોનાના નોંધાયા હતા જેમાં ૮૦૧૪ કેસ રિકવર થઈ ડિસ્ચાર્જ પણ મેળવી ચુક્યા હતા.

# સચિવલાયની સ્ટેટ બેંકમાં પાસબુક કલીયરન્સ મશીન બંધ વડીલો પરેશાન

**બેંકમાં મશીન શરૂ કરવા સહીત લાઇફ સર્ટીફીકેટ માટે પણ ભોંયતળિયે વ્યવસ્થા ગોઠવવા માટે શહેર વસાહત મહામંડળની રજુઆત**

ગાંધીનગર તા ૨૬

સચિવાલય સ્થિત સ્ટેટ બેંકમાં પાસબુક કલીયરન્સ મશીન લાંબા સમયથી બંધ છે. જેના લીધે વડીલો પરેશાન છે. જયારે લાઈફ સર્ટીફિકેટ માટે પણ ધક્કા ખાવા પડે છે. આવા સંજોગોમાં સિનિયર સીટીઝન્સને હાલાકી વેઠવી પડે છે. બેંકમાં લાંબા સમયથી બંધ પાસબુક કલીયરન્સ મશીન શરૂ કરવા તેમજ બેંક કામકાજનો સમય પણ વધારવા માટે શહેર વસાહત મહામંડળે માંગણી કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં સે-૧૦ ખાતે સચિવાલય સ્થિત સ્ટેટ બેંકમાં હાલ સિનિયર સિટીઝન્સ હયાતીના સર્ટીફીકેટ તેમજ પાસબુકમાં એન્ટ્રી સહીત નાના મોટા બેંકીગ કામ માટે જાય છે. ત્યારે બેંકમાં પાસબુક કલીયરન્સનુ મશીન પણ લાંબા સમયથી બંધ હાલતમાં છે. ત્યારે આ મશીન શરૂ કરવા તેમજ લાઈફ સર્ટીફીકેટ માટે બેંકના ભોંયતળિયે જ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી પણ મહામંડળે કરી છે. આ ઉપરાંત હાલમાં ૨ વાગે જ બેંકનુ કામકાજ બંધ થઈ જાય છે આ સમયગાળામાં પણ વધારો કરવા માટે ઉપરાંત ગ્રાહક લક્ષી સુવિધાઓ એપગ્રેડ કરવા માટે પણ મહામંડળના સુધીર દેસાઈ, મયુર વ્યાસ , પ્રદીપ સોલંકી, ભાનુ દવે, ભરત દિક્ષીત સહીતના પદાધિકારીઓએ રજુઆત કરી છે.

# ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના કરોડો રૂપિયા વણ વપરાયેલા પડી રહેતાં સરપંચોમાં રોષ

ગાંધીનગર, તા. ૨૬

૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના વપરાશને લઈ કોઈ સ્પષ્ટ માર્ગદર્શન કે ગાઈડલાઈન નિયત થઈ ન હોવાથી કોરોડો રૂપિયાની ગ્રાન્ટ વણ વપરાયેલી રહેવા પામી છે.

૧૫મા નાણાંપંચમાં ગ્રાન્ટની ફાળવણીમાં ટાઈડ ગ્રાન્ટ અને અન્ય જોગવાઈઓ અંગે તાલુકા કે જિલ્લા કક્ષાએથી સ્પષ્ટ એવમ્ નીતિ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ ન હોવાથી તેમજ કયા પ્રકારની ગ્રાન્ટ ટાઈડ ગ્રાન્ટમાંથી વાપરી શકાશે કે કયા પ્રકારના કેવા વિકાસ કામો હાથ ધરવામાં વાપરી શકાશે.

સરકારે પરિપત્રો કરી દીધા છે પણ કોરોનાની મહામારીને કારણે સરપંચો સાથે આ અંગે તંત્ર દ્વારા જે બેઠકો થવી જોઈએ અને માર્ગદર્શન મળવુ જોઈએ તે મળ્યુ નથી. આ ઉપરાંત આ અંગેની મંજૂરી માટે કયા પ્રકારની પદ્ધતિ અમલમાં છે તેને લઈ પણ ગ્રામ્ય વિસ્તારમાં અસમંજસતાની સ્થિતિ પ્રવર્તી રહી છે. જિલ્લાતંત્રએ વહીવટીય મંજૂરી પ્રક્રિયા ઝડપી બનાવવાની સૂચનાઓ આપી છે. સરકારે પણ તાકીદ કરી છે પરંતુ પંચાયતના પદાધિકારીઓને આ અંગેનું કોઈ સ્પષ્ટ માર્ગદર્શન ગ્રામ્ય કક્ષાએ અપાયુ નથી.

જિલ્લામાં કરોડો રૂપીયાની ગ્રાન્ટ આને કારણે વણવપરાયેલી રહી છે એટલુ જ નહિ ગ્રામ્ય વિસ્તારમાં વેરા વસુલાતની કામગીરી પર કોરોનાને કારણે જે વિપરીત અસરો પડી છે તેને લઈ પંચાયતોની પરિસ્થિતિ વિકટ બની છે. આ દિશામાં સત્વરે યોગ્ય કાર્યવાહી અને સ્પષ્ટતાઓ થાય તેવી માંગ જિલ્લાના સરપંચો કરી રહ્યા છે.

# રાજ્યમાં મ્યુકરમાયકોસીસના અત્યાર સુધી ૧૪.૩ ટકા દર્દીઓ સાજા થયા

ગાંધીનગર, તા. ૨૬

કોરોનાના પ્રવર્તમાન એપીડેમીકમાં રાજ્યભરમાં મ્યુકરમાયકોસીસના કેસો સામે આવી રહ્યા છે ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા એપેડેમીક એકટ ૧૮૯૭ અન્વયે આ રોગને મહામારી જાહેર કરવામાં આવેલી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મ્યુકરમાયકોસીસના દર્દીઓની સારવાર માટે સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય, ઝડપી સારવાર મળે તેવા હેતુથી ૧૧ તજજ્ઞો-તબીબોની એક ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતી દ્વારા સતત પરામર્શ કરીને સારવારના પ્રોટોકોલ અને માર્ગદર્શિકા નક્કી કરવામાં આવશે.

મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે બધી સિવીલ હોસ્પીટલોમાં ખાસ કરીને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગરમાં આ રોગના સંક્રમિતો માટે અલાયદા વોર્ડસ શરૂ કર્યા છે.

આ રોગની અસર જેમને થઈ છે તેમને ત્વરિત સારવાર આપવાની વ્યવસ્થાઓ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ આ રોગનો વ્યાપ વધે નહિ તે માટે આરોગ્ય તંત્ર શહેરી અને જિલ્લા સ્તરે વિશેષ કાળજી લે તેવી તાકીદ પણ કરી છે.

એટલું જ નહીં આ રોગની સારવાર માટે જરૂરી એવા ઈન્જેક્શનની સર્વ વ્યાપી ઘટ હોવા છતાં રાજ્ય સરકારે આગોતરી અને યોગ્ય વ્યવસ્થાઓ કરી છે, જેના કારણે રાજ્યમાં મ્યુકોમાયરોસીસ રોગને વધુ ફેલાતો અટકાવી શકાયો છે.

આ મ્યુકરમાયકોસીસના રોગચાળા સંદર્ભમાં રાજ્યના આરોગ્ય વિભાગે ગુજરાતમાં રોગગ્રસ્તોની સારવાર, વય અને જાતિજૂથ તેમજ અન્ય બાબતો અંગે જે તારણો-નિષ્કર્ષ કાઢ્યો છે તેની વિગતો આ મુજબ છે.

રાજ્યભરમાં મ્યુકરમાયકોસીસના અત્યાર સુધીમાં નોંધાયેલ કુલ દર્દીઓમાંથી ૮૧.૬ ટકા દર્દીઓ હાલમાં રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. જયારે ૧૪.૩ ટકા દર્દીઓ સાજા થયા છે તેમજ ૪.૧ ટકા દર્દીઓના મૃત્યુ થયા છે. વયજૂથની દૃષ્ટિએ જોઈએ તો આ રોગના દર્દીઓ પૈકી માત્ર ૦.૫ ટકા દર્દીઓ ૧૮ વર્ષથી ઓછી વયના, ૨૮.૪ ટકા દર્દીઓ ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરના, ૪૬.૩ ટકા દર્દીઓ ૪૫ થી ૬૦ વર્ષની ઉંમરના છે જયારે ૨૪.૯ ટકા દર્દીઓ ૬૦ થી વધારે વયના છે.

આ રોગનું પ્રમાણ સ્ત્રીઓની સરખામણીએ પુરુષોમાં વધારે જોવા મળ્યું છે અને અત્યાર સુધી નોંધાયેલા કુલ દર્દીઓમાંથી ૬૭.૧ ટકા પુરુષો જયારે ૩૨.૯ ટકા સ્ત્રી દર્દીઓ છે.

### મ્યુકરમાયકોસીસના કેટલાક તારણો

- આ રોગનું પ્રમાણ સ્ત્રીઓની સરખામણીએ પુરુષોમાં વધારે જોવા મળ્યું છે-અત્યાર સુધી નોંધાયેલા કુલ દર્દીઓમાંથી ૬૭.૧ ટકા પુરુષો જયારે ૩૨.૯ ટકા સ્ત્રી દર્દીઓ છે
- આ રોગના દર્દીઓ પૈકી માત્ર ૦.૫ ટકા દર્દીઓ ૧૮ વર્ષથી ઓછી વયના, ૨૮.૪ ટકા દર્દીઓ ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરના, ૪૬.૩ ટકા દર્દીઓ ૪૫ થી ૬૦ વર્ષની ઉંમરના છે. ૨૪.૯ ટકા દર્દીઓ ૬૦ થી વધારે વયના છે
- કુલ દર્દીઓમાંથી ૫૯.૦૦ ટકા દર્દીઓને ડાયાબીટીસ, ૨૨.૧ ટકા દર્દીઓને ઈમ્યુનો કોમ્પ્રોમાઈઝડ જયારે ૧૫.૨ ટકા દર્દીઓને કોમોર્બિડ કન્ડિશન હોવાનું સામે આવ્યું છે
- આ રોગમાંના માત્ર ૩૩.૫ ટકા દર્દીઓને કોરોનાની સારવાર દરમ્યાન ઓક્સીજનની જરૂર પડી હતી, જયારે ૬૬.૫ ટકા દર્દીઓને ઓક્સિજન જરૂરિયાત ઊભી થઈ નહોતી
- ૪૯.૫ ટકા દર્દીઓને કોરોનાની સારવાર દરમ્યાન સ્ટીરોઇડ થેરાપી આપવામાં આવી હતી જયારે ૫૦.૫ ટકા દર્દીઓમાં સ્ટીરોઇડ થેરાપીની જરૂર પડી નહોતી


**SHARE INDIA SECURITIES LIMITED**

CIN: L67120GJ1994PLC115132

Reg. Office: Unit No. 604-A-B, 605-A-B, 6th Floor, Tower-A, World Trade Center, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City Gandhinagar, Gujarat-382355 Tel: +91-11-43011000; Website: www.shareindia.com; Email: vikas_cs@shareindia.com

Share India — You generate, we multiply

**EXTRACT OF AUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND FINANCIAL YEAR ENDED 31st MARCH, 2021**

(Amount in ₹ Lakhs except EPS)

| Sr. No. | Particulars | Quarter Ended 31.03.2021 | Year Ended 31.03.2021 | Quarter Ended 31.03.2020 | Year Ended 31.03.2020 |
|---|---|---|---|---|---|
| | | Audited | Audited | Audited | Audited |
| 1 | Total income from operations | 19,149.14 | 44,795.43 | 8,603.51 | 22,620.68 |
| 2 | Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items) | 4,589.55 | 10,342.93 | 2,123.81 | 5,068.03 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 4,589.55 | 10,342.93 | 2,123.81 | 5,068.03 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 3,581.89 | 8,075.13 | 1,673.18 | 4,086.32 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 3,872.85 | 9,431.20 | 1,573.53 | 3,976.57 |
| 6 | Paid up Equity Share Capital (Face Value Rs 10/-) | 3,190.66 | 3,190.66 | 3,190.66 | 3,190.66 |
| 7 | Earning Per Share (of Rs 10/- each) | | | | |
| | (a) Basic | 11.23 | 25.31 | 5.24 | 12.81 |
| | (b) Diluted | 11.23 | 25.31 | 5.24 | 12.81 |

**Note : (1)** The above is an extract of the detailed format of result for Quarter and Financial Year ended on 31st March, 2021 filed with stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015. The full format of the said results are available on the website of Exchanges i.e., BSE at **www.bseindia.com** and NSE at **www.nseindia.com** as well as on the company's website at **www.shareindia.com.**

**(2)** The key Standalone Financial Information for the Quarter and Financial Year ended 31st March, 2021 are given below:

| Particulars | Quarter Ended 31.03.2021 | Year Ended 31.03.2021 | Quarter Ended 31.03.2020 | Year Ended 31.03.2020 |
|---|---|---|---|---|
| Turnover | 15,075.48 | 38,279.51 | 8,229.01 | 20,908.97 |
| Profit before tax | 3,691.66 | 8,564.70 | 1,871.93 | 4,378.15 |
| Profit after tax | 2,966.86 | 6,732.87 | 1,467.14 | 3,350.14 |

**(3)** The standalone and consolidated figures for revenue from operations for FY21 and Q4 FY21 has been adjusted for STT directly as this is a direct expense. Consequently, FY20 and Q4 FY20 figures for revenue from operation and expenses items have also been updated to arrive at the comparable figures. STT subtracted from Revenue from operation and Expenses items in Consolidated and Standalone results for Q4 FY20 and FY20 are INR 1,607.24 Lacs and INR 5,068.97 Lacs, respectively.

**(4)** Share India Securities Limited including its subsidiary companies are engaged in the business of trading securities and investments wherein interest income and dividend income are a part of operational income. Thus, consolidated and standalone figures for revenue from operations for FY21 and Q4FY21 have been adjusted for the same. Consequently, FY20 and Q4 FY20 figures for revenue from operation and other income items have also been updated to arrive at the comparable figures. Interest and dividend incomes added to revenue from operations by shifting the same from other incomes item for Q4FY20 and FY20 in respect of consolidated results are INR 626.35 Lacs and INR 1663.18 Lacs respectively while the same figures in respect of standalone results are INR 617.14 Lacs and INR 1653.97 Lacs respectively.

By order of the Board
For Share India Securities Limited
Sd/-
Praveen Gupta
Chairman & Managing Director
DIN : 00013926

Place: Delhi
Date: 25.05.2021



**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧**

**સને ૨૦૨૧-૨૨**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં.-'એ', પ્રથમ માળ, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૬૦૮૩૯.૭૭ થી ૧૨૮૨૭૦.૦૦ છે.

જે માટે આવા કામના અનુભવી તેમજ વિદ્યુત પરવાનો ધરાવતા ઠેકેદારો પાસેથી ઓફલાઈન અને ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના ક્રમ નં. ૧ થી ૫ના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ : ૨/૬/૨૦૨૧ (સમય ૧૬ કલાક) સુધી આપવામાં આવશે જ્યારે ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૯/૬/૨૦૨૧ કચેરી સમય સુધી છે. જ્યારે ક્રમ નં. ૫ના ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૯/૬/૨૦૨૧ના રોજ ૧૨.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. શક્ય હશે તો ટેન્ડર તા. ૯/૬/૨૦૨૧ના ૧૨.૧૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ - ૧ પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / સાદી ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૬૨/૨૧-૨૨


## રાજય સરકારના પેન્શનરો માટે હયાતીની ખરાઈની મુદત વધુ એક માસ લંબાવાઈ

ગાંધીનગર, તા. ૨૬

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોનાની મહામારી સંદર્ભે રાજ્ય સરકારનું પેન્શન મેળવતા તમામ પેન્શન ધારકો માટે હયાતીનું ખરાઈ પ્રમાણપત્રની મુદત વધુ એક માસ માટે લંબાવવામાં આવી છે.

તેમણે ઉમેર્યુ કે નાણાં વિભાગની સ્થાયી જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારના તમામ પેન્શનરોને દર વર્ષે હયાતીની ખરાઈ મે મહિનાથી શરૂ કરી જુલાઈ મહિના સુધી કરાવવાની હોય છે. પરંતુ કોરોના મહામારીને ધ્યાને લઈને રાજ્ય સરકારના તમામ પેન્શનરો માટે હયાતીની ખરાઈ વધુ એક માસ એટલે કે ઓગસ્ટ-૨૦૨૧ સુધી લંબાવવાનો રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે એટલે હવે પેન્શનરો તેમના હયાતીના ખરાઈ અંગેની પ્રક્રિયા મે-૨૦૨૧ થી ઓગસ્ટ-૨૦૨૧ સુધી કરાવી શકશે તેમ તેમણે ઉમેર્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com